ભાજપ-ગઠબંધન તુટ્યું, જાહેરાત બાકી

પટણા,તા. ૧૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપના ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવ્યા બાદ ભાજપ અને જનતા દળ (યુ) વચ્ચેનું વૈમનસ્ય વધતું ગયુ હતું. હવે જનતાદળ (યુ)એ ભાજપ-એનડીએ સાથે છેડો ફાડવાનો નિર્ણય લઇ લીધો છે અને માત્ર જાહેરાતની ઔપચારિકતા જ બાકી રાખી છે.

જનતાદળ (યુ)ના રાષ્ટ્રીય પ્રવક્તા શિવાનંદ તિવારીએ આજે ગુજરાતના મુખ્યયંત્રી નરેન્દ્ર મોદીને અહંકારી અને ભાગલાવાદી ગણાવીને જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર નહીં બનાવવાનું આશ્વાસન ન આપીને ભાજપાએ અમને એનડીએમાંથી બહાર નીકળવા માટે વિવશ કર્યા છે. બીજીબાજુ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ)એ ચેતવણી આપતા કહ્યું હતું કે, આગામી લોકસભાની ચૂંટણીમાં એનડીએ સત્તામાં આવવાની પુરી સંભાવના પર પાણી ફેરવી દેનારાને જનતા માફ નહીં કરે. જેડીયુ દ્વારા કારણવિનાની જીદ કરવી એ દેશ માટે સારૂ નથી.

જેડીયુના રાષ્ટ્રીય પ્રવક્તા શિવાનંદે કહ્યું હતું કે એનડીએથી છેડો ફાડવાનું જેડીયુએ નક્કી કરી લીધું છે અને હવે માત્ર જાહેરાત માટેની ઔપચારિકા જ બાકી છે. તેમણે

મોદીને અહંકારી ગણાવતા કહ્યું હતું કે તેમનો ભાગલા પડાવવાવાળો સ્વભાવથી બધા પરિચિત છે એના કારણે મુસ્લિમ સમાજ પોતાને અસુરક્ષિત મહેસુસ કરી રહ્યો છે, તેમણે ઉમેર્યું હતું કે, જનતા દળ (યુ) જેવો ધર્મ નિરપેક્ષ પક્ષ તેને અનુમતિ કેવી રીતે આપી શકે કે એવા અહંકારી અને ભાગવાવાદી વ્યક્તિ પર વિશ્વાસ કરી તેને વડાપ્રધાનપદના ઉમેદવારના રૂપમાં સ્વીકાર કરે. શિવાનંદે કહ્યું કે, મોદીનું એવું વ્યક્તિત્વ નથી કે બધાને સાથે રાખીને ચાલી શકે અને સમાજને વિભાજન કરવામાં તેમનું નામ પુરતું છે એમાં કોઈ શંકા નથી. ભાજપના નેતાઓએ કહ્યું હતું કે, મોદીને માત્ર ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવવાની જાહેરાત કરવામાં આવી નથી. બાજપની આ દલીલોને ફગાવી દેતા શિવાનંદે કહ્યું હતું કે, જો મોદીના નેતૃત્વમાં ચૂંટણીમાં સફળતા મળે તો કોઈને શંકા નથી કે મોદી વડાપ્રધાનપદ પર સવાર ન થાય. તેમણે વધુમાં કહ્યું હતું કે, જનતાદળ (યુ)ના અગ્રણી અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને મોદી સાથેના અબોલાએ કંઇ નવી વાત નથી. વર્ષ ૨૦૦૯માં બિહાર વિધાનસભાની ચૂટણી દરમિયાન એનડીએ તરફથી મોદીને ચૂંટણી પ્રચાર માટે બિહારમાં આવવા દીધા ન હતા. વર્ષ ૨૦૧૦માં પટણામાં આયોજિત ભાજપાની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક દરમિયાન ભાજપે અખબારોમાં જાહેરાત આપીને નીતિશ સાથે મોદીનો ફોટો છપાવ્યો હતો. એનાથી નારાજ બનેલા નીતિશે ભાજપના નેતાઓ માટે પોતાના નિવાસસ્થાને યોજેલા ભોજન સમારોહને રદ કરી દીધો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારના નિવાસસ્થાને આજે યોજાયેલી બેઠકમાં ઉપમુખ્મયંત્રી સુશીલ કુમાર મોદી અને એનડીએના પ્રદેશ સંયોજક નંદકિશોર યાદવે બેઠકમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો હતો. નીતિશના રાજીનામાંની માંગણી કરતાં ભાજપા અને જનતાદળ (યુ)નું ૧૭ વર્ષ જુનું ગઠબંધન તૂટવાની ગણતરી શરૂ થઇ ગઇ હતી. ભાજપ અને જનતાદળ (યુ)નું તુટી જ ગયુ છે. હવે માત્ર ઔપચારિક જાહેરાત જ બાકી છે.

નવી મુંબઈમાં નવા એરપોર્ટ માટેની પ્રક્રિયા ફરીવાર શરૂ

મુંબઈ,તા. ૧૫

નવી મુંબઈમાં ટૂંક સમયમાં જ નવા આંતરરાષ્ટ્રીય વિમાની મથકના સ્થળાંતરના અહેવાલોને સીડકોના અધ્યક્ષ પ્રમોદ હિંદુરાવે રદિયો આપ્યો છે. તેમને કહ્યું છે કે સીદડો નવી મુંબઈ અને મહારાષ્ટ્ર માટે પ્રતિષ્ઠાના વિષય બની ચૂકેલા નવા એરપોર્ટ માટે નક્કી કરવામાં આવેલી યોજના મુજબ ચાલુ વર્ષ ૨૦૧૩માં જ નિર્માણ કામ શરૂ કરી દેશે. નવી મુંબઈમાં જ નવા આંતરરાષ્ટ્રીય વિમાની મથકને તૈયાર કરવામાં આવશે. હિંદુરાવે કહ્યું છે કે રાષ્ટ્રીય વન્યજીવ મંડળની સ્થાઈ સમીતિ દ્વારા આઠ દિવસ પહેલા જ છઠ્ઠી જૂનના દિવસે નવા એરપોર્ટ માટે કરનાળા પક્ષી અભિયારણ્ય સાથે સર્જાયેલી એક મહત્વપૂર્ણ મંજૂરી મળી ચૂકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે નવા વિમાની મથકના અસર હેઠળ માટે સીડકોને ખાસ આયોજન સમાહ

તરીકે મંજૂરી આપી છે. આ અસરગ્રસ્ત ક્ષેત્રમાં કરનાળા પક્ષી અભિયારણ્ય આવે છે. આ જ કારણસર નવા એરપોર્ટ માટે સીડકોને રાષ્ટ્રીય વન્ય જીવ મંડળની મંજૂરી ખૂબ જ જરૂરી બની ગઈ હતી. આ હાઈપ્રોફાઈલ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલય, સરંક્ષણ મંત્રાલય, વન્ય અને પર્યાવરણ મંત્રાલયની મંજૂરી પહેલાથી જ મળી ચૂકી છે. સીડકોના ચેરમેન મુજબ નવા એરપોર્ટની યોજનાથી વિસ્થાપિત થનાર સ્થાનિક લોકોને પુનઃ વનવાટ અને સમગ્ર એરપોર્ટ ક્ષેત્રની જમીનના અધિગ્રહણની કામગીરીને ટૂંકસમયમાં જ પૂરી કરી લેવામાં આવશે. તેમને કહ્યું હતું કે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી એરપોર્ટ યોજનાના પ્રતિનિધી સાથે ટૂંકમાં જ બેઠક કરશે. આ યોજનામાં આકર્ષક પેકેજની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. આ એરપોર્ટ માટે બજેટ ખૂબ જ જંગી રાખવામાં આવે તેવી શક્યતા છે. નવી મુંબઈના સૂચિત એરપોર્ટ માટે વર્ષ ૧૯૯૮માં શરૂઆતી બજેટ ૪૭૬૬ કરોડ રૂપિયા હતું પરંતુ આમા વિલંબ થવાના લીધે અડચણો ઊભી થઈ હતી જેથી હવે બજેટ ત્રણ ગણું વધીને ૧૪૫૭૩ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે.

નીતિશકુમારને મળવા ભાજપના નેતાઓનો ઇન્કાર

નવી દિલ્હી,તા. ૧૫

બિહારમાં શાસક ગઠબંધન ઉપર સંકટના વાદળો ઘેરાયેલા છે. ભંગાણની દિશામાં આ ગઠબંધન આગળ વધી રહ્યું છે. આના સંકેત આજે વધુ મળ્યા હતા. બિહારમાં ભાજપના નેતાઓએ આજે મુખ્યમંત્રી નીતિશકુમારને મળવાનો ઈન્કાર કરી દીધો હતો. બીજી બાજુ ભાજપે બિહારમાં નીતિશકુમાર સરકારને ટેકો પાછો ખેંચી લેવાની ધમકી આપી હતી. બિહાર એનડીએના કન્વીનર અને માર્ગ નિર્માણ પ્રધાન નંદકિશોર યાદવ બિહારના રાજ્યપાલને પત્ર આપવા પહોંચી રહયા છે જેમાં ગઠબંધન સરાકરને ભાજપનો ટેકો પાછો ખેંચી લેવાની વાતનો ઉલ્લેખ કરાયો છે. પત્રમાં એવો દાવો પણ કરવામાં આવનાર છે કે સરકાર લઘુમતિમાં મુકાઈ જશે જેથી મુખ્યમંત્રી નીતિશકુમારની બરતરફીની માંગ પણ કરવામાં આવી છે. વિધાનસભામાં ભાજપ ૯૧ સભ્ય ધરાવે છે જ્યારે જેડીયુ ૨૪૩ સભ્યોના ગૃહમાં ૧૧૮ સભ્યો ધરાવે છે. ભાજપના નેતા અને બિહારમાં એનડીએના કન્વીનર નંદકિશોર યાદવે

જણાવ્યું હતું કે નીતિશકુમાર દ્વારા અમને બોલાવવામાં આવ્યા હતા પરંતુ આજે સવારે અમે અખબારમાં વાચ્યું હતું કે નીતિશકુમારે વડાપ્રધાન પદનો મુદ્દો ઉઠાવ્યો છે. જેથી આ મુદ્દે અમારા રાષ્ટ્રીય નેતાઓ જ વાત કરી શકે છે. આ મુદ્દે ચર્ચા કરવાનો અમને અધિકાર નથી. જેથી મુખ્યમંત્રીને હાલના સમયમાં મળવાનો કોઈ પણ હેતુ નથી. ભાજપના નેતા અને એનડીએના કન્વીનરના આ નિવેદનથી ખેંચતાણ વધી ગઈ છે. નીતિશકુમારે એવી શરત મૂકી હોવાનું જાણવા મળ્યું છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં ન આવે તે જરૂરી છે. જેડીયુએ ગઈકાલે જ કહ્યું હતું કે હાલના સમયમાં ગઠબંધનમાં રહેવાની બાબત ખૂબ જ મુશ્કેલરૂપ છે. બિહારના મુખ્યમંત્રી સહિત જેડીયુના નેતાઓની મહત્વની બેઠક યોજાઈ રહી છે.જેડીયુ વિધાનસભા પક્ષના મુખ્ય દંડક સર્વનકુમારે કહ્યું છે કે ધારાસભ્યોને સંપર્કમાં રહેવાનું કહેવામાં આવ્યું છે. ભાજપના નેતાઓ પણ લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે. નીતિશકુમારને મળવાનો બિહારના નેતાઓએ ઈન્કાર કરી દેતા જેડીયુ તરફથી આ સંબંધમાં કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. એવા અહેવાલ પણ આવી ચૂક્યા છે કે બિહારમાં ભાજપ એકમે જેડીયુ સાથે છેડો ફાડી દેવાની પણ તૈયારી બતાવી દીધી છે. ભાજપના નેતાઓ સક્રિય પણ દેખાઈ રહ્યા નથી.

બ્રાઝિલ અને જાપાન વચ્ચે પ્રથમ જંગ ખેલાશે

કન્ફડરેશન કપ ફૂટબોલ સ્પર્ધાને લઈ રોમાંચકતા

બ્રાસિલિયા,તા. ૧૫

આગામી વર્ષે યોજાનાર વિશ્વકપ પહેલા જેને સૌથી મોટી સ્પર્ધા તરીકે ગણવામાં આવે છે તે પ્રતિષ્ઠિત કન્ફડરેશન કપ ફૂટબોલ સ્પર્ધા આજથી શરૂ થઈ રહી છે. પ્રથમ મેચમાં બ્રાઝિલ અને જાપાન વચ્ચે જોરદાર જંગ ખેલાવાની

શક્યતા છે. ૩૦મી જૂન સુધી ચાલનારી આ સ્પર્ધામાં ફૂટબોલ ચાહકોને જોરદાર મજા પડી જશે. કારણ કે વિશ્વની ટોચની ફૂટબોલ ટીમો આમા ભાગ લઈ રહી છે. ભૂતકાળના ચેમ્પિયનની વાત કરવામાં આવે તો કન્ફડરેશન કપમાં મોટાભાગે બ્રાઝિલનું વર્ચસ્વ રહ્યું છે.

બ્રાઝિલે છેલ્લે ૨૦૦૯માં પણ આ સ્પર્ધા જીતી હતી. ફીફા કન્ફડરેશન કપ દર ચાર વર્ષમાં એક વખત યોજાય છે. છ ફીફા કન્ફડરેશન ચેમ્પિયનશીપના વિજેતાઓ વચ્ચે આ સ્પર્ધા યોજાય છે. ૨૦૦૫ બાદથી કેટલાક નીતિનિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે જેના ભાગરૂપે આ ટુર્નામેન્ટનું આયોજન એ જ દેશમાં કરવામાં આવે છે જે દેશમાં આગામી વર્ષે વિશ્વકપનું આયોજન કરવામાં આવે છે. વિશ્વકપના રિહર્સલ તરીકે પણ આને જોવામાં આવે છે. બ્રાઝિલ ઉપરાંત વર્તમાન સમયમાં કન્ફરડરેશન કપ માટે જે ટીમો પ્રબળ દાવેદાર છે તેમાં યુરોપીયન રનર્સઅપ ઈટાલી, દક્ષિણ અમેરિકન ચેમ્પિયન ઉરુગ્વે, એશિયન ચેમ્પિયન જાપાન, આફ્રિકા ચેમ્પિયન નાઈઝિરિયાનો સમાવેશ થાય છે. ૨૦૦૯ અને ૨૦૦૫માં સતત બે વખત આ ચમ્પિયનશીપ બ્રાઝિલે જીતી છે. આ વખતે પણ બ્રાઝિલની સ્થિતિ મજબૂત દેખાઈ રહી છે.

ઇન્ફોસિસને ટૂંકા ગાળામાં જ ફરીથી મજબુત કરાશે : મૂર્થિ

બેંગ્લોર,તા. ૧૫

ઈન્ફોસિસને ટૂંકા ગાળામાં જ ફરી મજબુત સ્થિતિમાં લઈ આવવામાં આવશે તેવી ખાતરી આજે તેના ચેરમેન એનઆર નારાયણે કહ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ઈન્ફોસિસ કંપની સામે ઘણા પડકારો રહેલા છે. આ પડકારોને પહોંચી વળવા માટે કંપની કટિબદ્ધ છે. બેંગ્લોરમાં તેની ૩૨મી વાર્ષિક સામાન્ય બેઠકમાં શેરધારકો સાથેની વાતચીતમાં મૂર્થિએ કહ્યુ હતુ કે ઈન્ફોસિસના કારોબારી ચેરમેન તરીકે ફરી જવાબદારી લીધા બાદ કંપનીને ટૂંકા ગાળામાં જ મજબુત કરવામાં આવશે. મૂડીરોકાણકારો હાલમાં ઈન્ફોસિસના પરિણામો અને કમાણીના આંકડાથી ચિંતિત હતા. તેમણે ઉમેર્યુ હતુ કે ૩૬ મહિનાની અંદર ફરી સ્થિતિ મજબુત થઈ જશે. ઈન્ફોસિસ દ્વારા મજબુત ટીમની રચના કરવામાં આવી રહી છે. મૂર્થિએ તેમના પુત્ર રોહન મૂર્થિને તેમના કારોબારી સહાયક તરીકે લેવામાં આવ્યા છે. મૂર્થિનું એમ પણ કહેવું છે કે મહેસૂલી આવક પર મુખ્ય ધ્યાન અપાઈ રહ્યુ છે.

ભાગલપુર હિંસા મામલે ચાર લોકોને સજા કરાઈ

મુંબઈ,તા. ૧૫

વર્ષ ૧૯૮૯ના ભાગલપુર હિંસા કેસમાં દોષિત જાહેર થયેલા ચાર લોકોને સાત સાત વર્ષની જેલની સજા કરવામાં આવી છે. એડી વિનોદકુમારના નેતૃત્વમાં ભાગલપુરની કોર્ટે ચાર શખ્સોને કઠોર સજા ફટકારી હતી. આ તમામને સાત સાત વર્ષની સજા ફટકારવામાં આવ્યા બાદ કોર્ટમાં સોપો પડી ગયો હતો. જુલાઈ ૨૦૦૧માં આરોપીઓ સામે આરોપો ઘડવામાં આવ્યા હતા. એપ્રિલ ૨૦૧૩માં આરોપીઓના નિવેદન ટ્રાયલ દરમિયાન કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યા હતા. આ ચૂકાદો ગઈકાલે જાહેર કરવામાં આવ્યો હતો. કોમી હિંસાના ૨૪ વર્ષના લાંબા ગાળા બાદ ચૂકાદો આવ્યો હતો. ૬૨ વર્ષીય શ્યામસુંદર મોદી, ૬૧ વર્ષીય કિશનકુમાર મોદી, ૬૫ વર્ષીય બલદેવ રજત અને ૫૬ વર્ષીય દામોદર શાહ આ તમામ બેલહારના નિવાસી છે.

જુલોજિકલ પાર્કમાં કિંગ કોબ્રા-સિંહો વચ્ચે લડાઈ

જમશેદપુર,તા.૧૫

શ્વાસ થંભી જાય અને રોમાંચ વધી જાય તેવી ઘટના તાતા સ્ટીલ જુઓલિજકલ પાર્કમાં બની હતી. આ પાર્કમાં ગઈકાલે કિંગ કોબ્રા અને સિંહો વચ્ચે લડાઈ જામી હતી. લગભગ ૧૦ મિનિટ સુધી ચાલેલી આ લડાઈમાં કોબ્રાએ સિંહોને હંફાવી દીધા હતાં. સારું થયું કે, આ લડાઈમાં સિંહ વચ્ચે કુદી પડ્યો નહીં તો માદા સિંહણને તેનો જીવ ગુમાવવાનો વારો આવત. ૧૧ મિનિટમાં સિંહણે કિંગ કોબ્રાને ચીરી નાંખ્યો પરંતુ તે પહેલાં કોબ્રાએ સિંહણને ડંખ મારી દીધો હતો. આ લડાઈ દરમિયાન તેણે સિંહના શરીરમાં પણ ઝેર ઓક્યું હતું જેના કારણે સિંહ અને સિંહણ દંપત્તિની હાલત ગંભીર જણાય રહી છે. બંનેની સારવાર ચાલી રહી છે. ઝૂ પ્રબંધકના જણાવ્યા મુજબ અંદાજે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં વરસાદ ચાલુ હતો તે સમયે કોબ્રા એક દેડકો ખાવા માટે સિંહોના ટોળામાં ઘુસી ગયો હતો. સિંહો માટે જે વાડો બનાવાયો હતો તેમાં ચાર સિંહો હતાં અને એક સિંહણ હતી. બે વર્ષની સિંહણ તુરંત જ કોબ્રા પાસે પહોંચી ગઈ. આ સિંહણ જેવી તેની નજીક પહોંચી કે તરત જ કોબ્રાએ તેની ગરદન દબાવી દીધી. સહેજપણ મોડું કર્યા વગર કોબ્રાએ સિંહણની ગરદન પર ઝેરીલો ડંખ મારી દીધો.

સિંહણને સાપ સાથે લડતી જોઈ સિંહ (જમ્બો) પણ ત્યાં પહોંચી ગયો અને તેણે સાપની પૂંછડીને મોંઢામાં દબાવી દીધી. જોકે સિંહો સાથેની લડાઈમાં કોબ્રાનાં બે ટુકડા થઈ ગયા અને તે ત્યાં જ મરી ગયો અને અન્ય સિંહો આસપાસમાં ઉભા રહી ગયા. આ બાબતે જાણકારી પ્રાપ્ત થતાં ઝૂની દેખભાળ કરી રહેલાં તારકનાથે ડંખ થઈ ગયેલા સિંહ અને સિંહણને દવાખાને લવાયા હતાં અને તેમને ઈન્જેક્શનો આપવામાં આવ્યા હતાં. અત્યારે આ સિંહ અને સિંહણની સારવાર ચાલી રહી છે.

મેનકા ગાંધીની સંસ્થા સામે કોર્ટમાં ફરિયાદ

નવીદિલ્હી,તા.૧૫

સમગ્ર દેશનાં પક્ષીઓ અને પ્રાણીઓની સારસંભાળ લેવાની જવાબદારી સંભાલી રહેલી પીપલ્સ ફોર એનિમલ્સનાં ચેરપર્સન મેનકા ગાંધી અને તેમની સંસ્થા સાથે જોડાયેલાં સભ્યો સામે પક્ષીઓ અને પ્રાણીઓ સાથે કથિતરૂપે નિર્દયી વ્યવહાર કરવાના કારણે કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે.

સૅક્ટર-૨૦નાં નિવાસી વિનોદકુમારે મેનકા ગાંધી અને અન્ય સભ્યો વિરુદ્ધ ગઈકાલે ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં સીઆરપીસીની કલમ ૨૦૦ હેઠળ અપરાધજનક ફરિયાદ દાખલ કરી છે જેમાં મેનકા ગાંધી ઉપરાંત તેમની સંસ્થા સાથે જોડાયેલા ગૌરવ ગુપ્તા, ચેતન શર્મા, પાયલ સોઢી, દિપીકાને પણ સહઆરોપી બનાવાયા છે. કોર્ટે આ મામલે પાંચ જુલાઈ સુનાવણી માટે નિશ્ચિત કરી છે. આ અરજીમાં મેનકા ગાંધી અને તેમની સંસ્થા વિરુદ્ધ પોલીસ ઓથોરિટીને ખોટી સૂચના આપવાનો આરોપ લગાવાયો છે તેમજ તમામને સમન્સ મોકલવામાં આવ્યું છે અને પક્ષીઓ તેમજ જાનવરો સાથે નિર્દયી વ્યવહાર કરવા માટે કાર્યવાહી કરવા માટેની માંગણી કરવામાં આવી છે. ફરિયાદકર્તાનો આરોપ છે કે પીપલ્સ ફોર એનિમલ્સની ચંદીગઢની સંસ્થાએ ૨૫મીનાં રોજ સુપ્રીમનાં ઓર્ડરનો હવાલો આપી તેમની દુકાનમાંથી ૧૪૨ પક્ષીઓનો કબજો લીધો હતો અને અરજી કરનારાઓ વિરુદ્ધ પોલીસે ફરિયાદ દાખલ કરી તેમને ગિરફતાર કર્યા હતાં. ત્યારબાદ ૨૯ મેનાં રોજ જિલ્લા કોર્ટે પીપલ્સ ફોર એનિમલ્સ સંસ્થાને ફરિયાદીના ૧૪૨ પક્ષીઓ પરત કરવાનો હુકમ કર્યો હતો પરંતુ આ સંસ્થાએ માત્ર ૧૦૮ પક્ષીઓ પરત કર્યા જેમાં એક પક્ષી મૃત અવસ્થામાં હતું. ત્યારબાદ દુકાનદારે કોર્ટમાં આ રિલીઝ ઓર્ડરને લઈ પીપલ્સ સંસ્થા પાસે જવાનું ઉચિત સમજ્યું અને બાકી રહેલાં ૩૩ પક્ષીઓ માટે પૂછ્યું ત્યારે ૩૩ પક્ષી મરી ગયા હોવાની જાણ થઈ હતી માટે ફરિયાદીએ હવે કલમ ૨૦૦ હેઠળ મેનકા ગાંધી અને તેમની સંસ્થા વિરુદ્ધ ૩૩ પક્ષીઓનો કબજો મેળવવા અને જો તે મૃત્યુ પામ્યા હોય તો તેની સાથે નિર્દયી વ્યવહાર કરવા બદલ કેસ દાખલ કર્યો છે.

અગસ્તા વેસ્ટ લેન્ડ વિરૂદ્ધ બીજી તપાસ શરૂ કરાશે

નવીદિલ્હી,તા.૧૫

કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ)એ સેનાને લાઈટ યુટીલીટી હેલિકોપ્ટરની સપ્લાયમાં કહેવાતા ભ્રષ્ટાચાર માટે બ્રિટનની હેલિકોપ્ટર સપ્લાય કરતી કંપની અગસ્તા વેસ્ટ લેન્ડ વિરૂદ્ધ એક બીજી તપાસ શરૂ કરી દીધી છે.

સીબીઆઈ સૂત્રોએ જણાવ્યું હતું કે બ્રિગેડીયર સ્તરનાં એક અધિકારી દ્વારા અગસ્તા વેસ્ટ લેન્ડને ૧૯૭ હેલિકોપ્ટરના સોદામાં મદદ કરવાનું કહેવાતું વચન આપવાની વાત જાહેર થઈ ગયા બાદ સંરક્ષણ મંત્રાલયનાં અનુરોધ પર એફઆઈઆર નોંધવામાં આવી હતી. અધિકારીએ આ કાર્ય માટે કહેવાતી રીતે ૫૦ લાખ ડોલરની માંગણી કરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે અગસ્તા વેસ્ટ લેન્ડ તથા તેની મુળ ઈટાલીની ફર્મ ફિનમેકેનિકા વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપની તપાસ કરી રહેલ તપાસ એજન્સીને કેટલાક દસ્તાવેજ મળ્યા છે. જે દર્શાવે છે કે ભારતીય સેનાના અધિકારીએ ફર્મમાંથી કહેવાતી રીતે લાંચ માંગી હતી. ઈટાલીનાં તપાસ કરતાઓએ આ સુચનાની જાણ સંરક્ષણ મંત્રાલયને કરી હતી. જેણે આ મામલો વિચારણા માટે સીબીઆઈને સુપરત કરી દીધો હતો.

તપાસ શરૂ કરવા માટે પ્રથમ દૃષ્ટીએ સામગ્રી મળી ગયા બાદ એજન્સીએ એફઆઈઆર નોંધી લીધી છે. સેનાના અધિકારીને ટૂંક સમયમાં પુછપરછ કરવા માટે બોલાવાય તેવી શક્યતા છે. પ્રારંભીક તપાસ આગળ વધારવામાં આવી રહી છે. કારણ કે કેસ નોંધાયા પહેલા ગુનાની તપાસ કરવી જરૂરી છે.

સમાચાર ઝલક

- ♥ બનાસકાંઠામાં માર્ગ અકસ્માતોમાં મોટા કાપરા, આખોલ, થરામાં ૭ નાં મોત
- ♥ કેન્દ્રીય પ્રધાનમંડળનું ટૂંકમાં વિસ્તરણ થશે.
- ♥ દેશમાં ૭ કરોડ રૂપિયાની જાલી નોટો ઝડપી લેવામાં આવી છે.
- ♥ દેશમાં રીંછના અસ્તિત્વ પર જોખમ.
- ♥ સમાજવાદી મહિલા ધારાસભ્ય લક્ષ્મી ગૌતમની અજબ પ્રેમની ગજબ કહાની.
- ♥ પ્રિયંકા ચોપડા પણ યોગ્ય જીવનસાથીની તલાશમાં.
- ♥ જુલાઈ-ઓગષ્ટમાં ખૂબ જ સારો સામાન્ય વરસાદ થશે.
- ♥ ભદ્ર પ્લાઝાના વિસ્તારની મંથરગતિથી કામગીરી થતાં લોકો પરેશાન.
- ♥ ગરીબ બાળકની પ્રમાણિકતા રૂ. ૩૯ હજારનું પાકીટ માલિકને પાછું આપ્યું. ગરીબ બાળક ભજીયાની દુકાનમાં કામ કરતો હતો.
- ♥ કોર્ટ કાર્યવાહીનું ઓડિયો રેકોર્ડીંગ શરુ કરવા વિચારણા.
- ♥ ૮૨ વર્ષના મીડીયા કિંગ રૂપટમુર્ડોક ત્રીજી પત્ની સાથે છુટાછેડા લેશે.
- ♥ ૨૦૨૮માં ભારતની વસ્તી ચીનની વસ્તીથી પણ વધી વિશ્વમાં પ્રથમ નંબરે હશે.
- ♥ રાજકોટના મેયર શ્રીમતી રક્ષાબેન બોળિયાના પતિ સામાન્ય રીક્ષા ચાલક છે અને ભાજપના સક્રિય કાર્યકર છે.
- ♥ ભકિતના માધ્યમથી સત્યનો મહિમા જાણી શકાય - પૂ. મોરારિ બાપુ
- ♥ આયશા પાકિસ્તાનની પહેલી મહિલા ફાઈટર પાયલોટ બની.
- ♥ ખાદ્ય સુરક્ષા બીલની ૧૦ મહત્વની જોગવાઈ, સોનિયા ગાંધીની ખાસ પસંદગીની યોજના
- ♥ જામનગર-દિલ્હી વિમાની સેવા શરુ થશે.
- ♥ ઠાસરામાં વન્ય પ્રાણીઓનો શિકાર કરનારને સજા ફટકારવામાં આવી.
- ♥ ભારત જેવા દેશમાં જ્ઞાન દ્વારા જ પરિવર્તન શકય - સામ પિત્રોડા.

હળવાશન ક્ષણોમાં ! (અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

હવે છેલ્લે -

અમારા મિત્રે અમને કહેલો એક રસપદ પ્રસંગ વાંચો! (અમારા મિત્રને મૂળ વાતમાં વળી પેટા વાર્તા કહેવાનો પણ શોખ છે!) અમારા મિત્રે અમારે ત્યાં આવતાં વેત વાતની શરૂઆત કરી -

'ગઇ કાલે સવારે પત્ની ચા બનાવી રહી હતી. તેમાં વાર લાગતાં મારી ચાની તલપ બેવડાઇ ગઇ! નવરા બેઠા શું કરવું? તેથી રાત્રે સપનામાં આવેલ રાજેશ ખન્ના વાળું ગીત મોઢામાંથી સરી પડયું -

'મેરે સપનોંકી રાની કબ તુમ આઓગી?' આગળના શબ્દો યાદ નો'તા તેથી એની એ લાઇન હું રીપીટ કર્યા કરતો હતા! આ રીતે મોડી પડેલી મા ને કારણએ આજે હું 'ડાઇનીંગ રૂપ સીંગર' બની ગયો! એ અગાઉ વર્ષો પહેલાં 'બાથરૂમ સીંગર' બનવાનો ચાન્સ પણ મળેલો! પરંતુ ત્યારે કારણ જુદું હતું! તેમાં એવું હતું કે વરસાદની સીઝનમાં કાટ લાગવાને કારણે બાથરૂમની સ્ટોપર બરોબર બંધ થતી નો'તી!

તેથી ફરજિયાતપણે ગીત ગાતાં નહાવું પડતું હતું! ઘણા દિવસ સુધી કોઇ મિસ્ત્રી મળ્યો નહીં! (આજકાલ એન્ડીનીયરો, ડોકટર્સો કે MBA થયેલાયો ઢગલે બંધ મળી રહે પણ મિસ્ત્રી ન મળે!)

તેથી મારે ઘણા દિવસ સુધી ગાવાની પ્રેક્ટીસ ચાલુ રાખવાની પડી!

આમાં થયું એવું કે હું 'બાથરૂમ સીંગર' તરીકે Establash થઇ ગયો! ઘરના લોકો પણ માનવા લાગ્યા કે 'બાથરૂમ સીંગર' તરીકે ચાલી શકે તેમ છે!

પરંતુ ત્યારબાદ આજે મારે 'ડાઇનીંગ રૂમ' સીંગર બનવું પડયું!

મારા વારંવારના ગીતના શબ્દો - 'મેરે સપનોંકી રાની...' સાંભળીને મારા પત્નીના ગુસ્સાનો પારો પચાસ ડિગ્રીના તાપમાને પહોંચ્યો! ચા બનાવવાનું પડતું મુકીને તેણે તો તરત અમારા ફેમિલી 'સ્વપ્નોલોજીસ્ટે' બોલાવી લીધા! સ્વપ્નોલોજીસ્ટે મારા સપનાનો 'સ્વપ્નોગ્રામ' કાઢયો! તેનું અર્થઘટન એવું નીકળ્યું કે -

'સપનામાં મેં 'રાની બ્રાન્ડ દાર્જીલીંગ ટી'ની જાહેરાત જોઇ હતી!'

સવારમાં પત્નીને ચા બનાવતાં વાર લાગી તેને કારણે સપનામાં જોયેલી દાર્જીલીંગની 'રાની બ્રાન્ડ ચા' અંગે ગીત ગવાઇ ગયેલું! - 'મેરે સપનોં કી રાની તુમ કબ આયોગી?' આધુનિક પંચતંત્રની આ કથાનો સાર એ છે કે સપનામાં આવેલ 'રાની'ના ગીત ગાવા નહીં! - રસોડામાં કે ડાઇનીંગરૂમમાં પત્ની પાસે તો હરગીઝ નહીં!